અપીલ અરજી નં.૪૦૫ તા.૧૮–૩–૦૯

અરજદાર: શ્રી શાહ અલ્પાબેન મહેન્દ્રકાન્ત

સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)

## ફરીયાદની હકીકત:–

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી શાહ અલ્પાબેન મહેન્દ્રકાન્તની તા.૨૨–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪, નોંધ નં.૩૩૯૭–૯૮, બુરહાનીપેલેસ એચ.કે. સ્ટ્રીટ સુરત સને ૧૯૯૬–૯૭, ૯૭–૯૮, દરમ્યાન મહાનગરપાલિકા દફતરે આકારણી દાખલ કરાઈ હતી તે સમયે માલીકી પુરાવા તરીકે તૈયબી એચ.ચીન્નીવાલા આપેલ પાવર ઓફ એટર્નીની નકલ તથા અન્ય માલીકી પુરાવાની નકલની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૧૮–૩–'૦૯ ની અપીલ અરજી નં.૪૦૫ /૨૦૦૮–૦૯

શ્રી શાહ અલ્પાબેન મહેન્દ્રકાન્તની તા.૨૨–૧–૦૯ ની અરજીથી વોર્ડ નં.૪, નોંધ નં.૩૩૯૭–૯૮, બુરહાની પેલેસ એચ.કે.સ્ટ્રીટ ઝાંપાબજાર સુરત સને–૧૯૯૬–૯૭,૯૭–૯૮, દરમ્યાન મહાનગરપાલિકા દફતરે આકારણી દાખલ કરાઈ હતી તે સમયે માલીકી પુરાવા તરીકે તૈયબી એચ.ચીન્નીવાલાને આપેલ પાવર ઓફ એટર્નીની નકલ તથા અન્ય માલીકી પુરાવાની નકલની માહિતી આપવા બાબતે આપેલ માહિતી ખોટી અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની તથા દફતર ગુમ થવા અંગે/નાશ પામવા અંગે મુકેલ રીપોર્ટની નકલ સ્પષ્ટતાસહ પહોંચતી કરવાપત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૯ તા.૨૭–૩–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૨–૧–૦૯ ની અરજી બાબતે અરજદારે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતીમાં કાદરશાની નાળમાં રેકર્ડ રેલમાં તણાઈ ગયો છે તે તદ્દન ખોટી અને ગેરમાર્ગે દોરનારી વિગત છે. ખરેખર કાદરશાની નાળમાં મ્યુ.નો પાણી ખાતાનો સ્ટોર્સ ગોડાઉન છે જેથી ખોટી અને ઉપજાવી કાઢેલ માહિતી આપવામાં આવી છે તેવી તેમજ અરજદારે રેકર્ડ નાનપુરા ભંડારીવાડ મ્યુ.પ્રેસના ત્રીજા માળે સલામતભર્યો આવેલ છે તેવી અરજદારે અપીલમાં રજુઆત કરેલ છે. પરંતુ અરજદારે પણ જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ માહિતીની કોઈ નકલો અપીલ સાથે રજુ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અત્રેના વિભાગને અપીલ તબકકે પણ કોઈ માહિતી કે વિગતો પૂરી પાડેલ નથી. અરજદારની મુળ અરજીની વિગત ધ્યાને લેવામાં આવે તો ત્રાહિતને આપવામાં આવેલ પાવર ઓફ એટર્નીની નકલ જે તેઓ કક્ષાએથી ગુમ હોઈ તેમણે આકારણી વખતે રજૂ થયેલ તેની નકલ માંગેલ છે. કાયદાની કલમ–૬(૨) હેઠળ અરજદારે માહિતી માંગવા અંગે કારણ આપવાનું નથી તેમ છતાં તેમણે આપેલ વિગત ધ્યાને લેતાં તેઓ કક્ષાના અગત્યના દસ્તાવેજ સ્વયં સુરક્ષાથી જાળવી શકેલ નથી. જે જાહેર સત્તા મંડળ પાસેથી આગ્રહ રાખેલ જણાય છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતર નાશ થવા અંગે આધાર પુરાવા સહિત પૂરક વિગતો રજૂ કરવા જણાવેલ પરંતુ રજૂ કરેલ નથી.

કાયદાની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેના અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૨–૧–૦૯ ની અરજી અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવામાં આવેલ રેલમાં રેકર્ડ તણાઈ ગયેલ માહિતી સબંધે રેલમાં નાશ પામેલ દફતરની સક્ષમ સત્તામાં આગળ મુકેલ જાણ સહિત મંજુરી યાદી દફતરી નોંધની નકલ અરજદારને દિન–૭માં અત્રેની જાણ હેઠળ પુરી પાડવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)ને જણાવવામાં આવે છે."

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪ –૦૯.

ડે.***કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી શાહ અલ્પાબેન મહેન્દ્રકાન્ત,